પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાપંચાલ

વર્ષ : ૨૯ અંક : ૨૧૮ કુલ પાના : ૪ તારીખ : ૦૮-૦૫-૨૦૨૬ શુક્રવાર કિંમત રૂ.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦





સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે.
૧૦૦૦ વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે.
૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલલભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો.
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવનભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદઘોષ કરી રહી છે.

**આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો**

મુખ્ય કાર્યક્રમો

કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ | સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન
સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

“સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે.”
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬

“સોમનાથ એ આપણી અજેય સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે. આવો, આ દિવ્ય વિરાસતના ૭૫ વર્ષની ઉજવણીમાં સહભાગી થઈએ.”
— હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી

સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને
ગૌરવશાળી ઈતિહાસનો ભાગ બનો.
સ્કેન કરો.

મહિસાગર – છોટાઉદેપુર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા અને બોડેલી

પંચમહાલ સમાચાર

# સુપ્રિમ કોર્ટ ખાતે પેન્ડીંગ સમાધાનલાયક કેસોના નિકાલ માટેની સુવર્ણ તક સમાધાન સમારોહ - ૨૦૨૬ સ્પેશીયલ લોક અદાલત યોજાશે

લુણાવાડા,

ભારતની સુપ્રિમ કોર્ટ દ્વારા ન્યાયને સરળ, સુલભ અને નિઃશુલ્ક બનાવવા માટે તથા દરેક વ્યક્તિ સુધી ન્યાય વ્યવસ્થાને સરળતાથી પહોંચાડવા માટે તેમજ પરસ્પર સમજૂતી અને સમાધાન દ્વારા વિવાદોના ઝડપી નિરાકરણને પ્રોત્સાહન આપવા સમાધાન સમારોહ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવેલ છે. જે ૨૧ મી એપ્રિલથી શરૂ થયેલ છે. આ ખાસ લોક અદાલતનો મુખ્ય હેતુ મૈત્રીપૂર્ણ સૌહાર્દપૂર્ણ સમાધાન પદ્ધતિ દ્વારા સુપ્રિમ કોર્ટ સમક્ષનાં કેસોમાં પરસ્પર સંમતિથી વિવાદોના નિરાકરણને વધુ સરળ અને ઝડપી બનાવવાનો છે.

આ સમાધાન સમારોહ સ્પેશીયલ લોક અદાલતમાં ભાગ લેવા માટે ઈચ્છુક પક્ષકારો, વકીલઓ સહિત સંબંધિત હિતધારકો વ્યક્તિગત રીતે અથવા ઓનલાઈન માધ્યમ દ્વારા પણ જોડાઈ શકે છે જેનાં માટે નામદાર સુપ્રિમ કોર્ટની વેબસાઈટ પર તથા ડીસ્ટ્રીકટ કોર્ટ, મહીસાગરની વેબસાઈટ ઉપર મીડીયા ગેલેરી – ન્યુઝ સેકશન પર ઉપલબ્ધ ગુગલ ફોર્મ ભરીને અરજી કરવાની રહેશે.

અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ મે ૨૦૨૬ છે તથા આ સમારોહ તારીખ ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ વિશેષ લોક અદાલતના આયોજન સાથે સમાપન થશે. આ માટે વધુ માહિતી કે સહાય માટે સુપ્રિમ કોર્ટ ખાતે કાર્યરત વન સ્ટોપ સેન્ટર રૂમ નં–૮૦૬ અને ૮૦૮, બી બ્લોક, એડીશનલ બિલ્ડીંગ કોમ્પલેક્ષ, સુપ્રીમ કોર્ટ દિલ્હી ખાતે ફોન નંબર ૦૧૧–૨૩૧૧૨૪૨૮, ૦૧૧–૨૩૧૧૨૫૨૮, ૦૧૧–૨૩૧૧૬૪૬૪, ૦૧૧–૨૩૧૧૬૪૬૫ તથા ડીરેક્ટરનો સંપર્ક નંબર ૦૧૧–૨૩૧૧૫૬૫૨ પર સંપર્ક કરી શકાય છે.

વધુમાં આ સમાધાન સમારોહ સ્પેશીયલ લોક અદાલતમાં ભાગ લેવા માટે સ્થાનિક સ્તરે જે તે કાનૂની સેવા સત્તા મંડળની કચેરીનો સંપર્ક પણ કરી શકાય છે. જેમાં મહીસાગર જીલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલ જીલ્લા ન્યાયાલય બિલ્ડિંગમાં રૂમ નં:–૧૫, ભોય તળીયા ખાતે કાર્યરત જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગરની કચેરીમાં રૂબરૂમાં અથવા તો ટેલિફોન નંબર ૦૨૬૭૪–૨૫૧૧૯૯ પર સંપર્ક કરીને વધુમાં વધુ લોકો સુપ્રિમ કોર્ટ ખાતે પેન્ડીંગ પોતાના સમાધાન લાયક કેસોનો સુખદ નિરાકરણ લાવે તે માટે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગરના ફુલ ટાઈમ સેક્રેટરી(સિનિયર સિવિલ જજ કેડર) એચ.આર.પરમાર દ્વારા જાહેર અપીલ કરવામાં આવેલ છે.

# બહાદરપુર એપીએમસી ખાતે ટેકાના ભાવે તુવેરની ખરીદી શરૂ કરાઈ : ૧ લાખ કટ્ટાની આવક



સંખેડા,

સંખેડા તાલુકાના મુખ્ય વેપાર મથક ગણાતા બહાદરપુર ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ યાર્ડમાં હાલમાં સરકાર દ્વારા ટેકાના ભાવે તુવેરની ખરીદીની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. ચાલુ વર્ષે ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે તે હેતુથી સરકાર દ્વારા તુવેરનો ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂા.૮,૦૦૦ નક્કી કરાયો છે, જેનો લાભ લેવા માટે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની ઉપજ લઈને યાર્ડ ખાતે ઉમટી રહ્યા છે. આ ચાલુ સીઝન દરમિયાન ખેડૂતોના ભારે ઉત્સાહને કારણે બહાદરપુર ખરીદ કેન્દ્ર પર અત્યાર સુધીમાં અંદાજે એક લાખ કટ્ટા તુવેરની ધરખમ આવક નોંધાઇ ચૂકી છે, જે દર્શાવે છે કે વિપરીત પરિસ્થિતિઓમાં પણ ખેડૂતો માટે આ કેન્દ્ર આશીર્વાદરૂપ સાબિત થયું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા નક્કી કરાયેલી સમયમર્યાદા મુજબ આગામી તા.૧૦ એપ્રિલ સુધી આ સેન્ટર પર ટેકાના ભાવે ખરીદીની કામગીરી અવિરતપણે ચાલુ રખાશે, જેથી બાકી ખેડૂતો પણ પોતાની જણસ નિયત સમયમાં વેચી શકે.

જો કે, ચાલુ વર્ષની આ સીઝન ખેડૂતો માટે ખૂબ જ પડકારજનક રહી જેમાં વાતાવરણમાં આવેલા અણધાર્યા પલટા અને કમોસમી વરસાદને કારણે ઘણું મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. આ પ્રતિકૂળ હવામાનની સીધી અસર ખેતી પ્રક્રિયા પર પડી હતી, જેના કારણે તુવેરનું વાવેતર પોતાના નિયત સમય કરતાં ઘણું મોડું થયું હતું અને સ્વાભાવિક રીતે જ પાક તૈયાર થવામાં વિલંબ થતાં બજારમાં તુવેરની આવક પણ સામાન્ય વર્ષો કરતાં ઘણી મોડી શરૂ થઈ શકી હતી.

ગત વર્ષે ૧.૬૩ લાખ કટ્ટા તુવેરની ઐતિહાસિક આવક થઇ હતી ગત વર્ષના આંકડાઓ સાથે સરખામણી કરવામાં આવે તો, ગત વર્ષે સાનુકૂળ હવામાનને કારણે બહાદરપુર સેન્ટર ઉપર કુલ ૧,૬૩,૦૦૦ કટ્ટા તુવેરની ઐતિહાસિક આવક નોંધાઇ હતી. ચાલુ વર્ષે કુદરતી આફતો અને મોડા વાવેતરના લીધે ગત વર્ષ જેટલો આંકડો આંબવો મુશ્કેલ દેખાઇ રહ્યો છે, તેમ છતાં પ્રવર્તમાન સંજોગો વચ્ચે પણ જે રીતે અત્યાર સુધીમાં ૧ લાખ કટ્ટાની આવક થઇ છે તે જોતાં યાર્ડ પ્રશાસન અને ખેડૂત આલમમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.

# છોટાઉદેપુર જીલ્લામાં ધો.૧૦માં ગ્રામ્ય વિસ્તારનું પરિણામ શહેરી વિસ્તાર કરતાં ૧૨.૧% વધુ આવ્યું

સંખેડા,

છોટાઉદેપુર જીલ્લામાં એસએસસી ૨૦૨૬નું પરિણામ જાહેર થયું છે, જેમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ શહેરી વિસ્તારની તુલનાએ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે.

જીલ્લા સ્તરે ગ્રામ્ય વિસ્તારનું પરિણામ શહેરી વિસ્તાર કરતાં ૧૨.૧% વધુ નોંધાયું છે, જે શિક્ષણક્ષેત્રે ગામડાઓની પ્રગતિ દર્શાવે છે. છોટાઉદેપુર જીલ્લામાં સૌથી વધારે પરિણામ પાવીજેતપુર સેન્ટરનું ૯૪.૩૪% અને સૌથી છોટાઉદેપુર સેન્ટરનું ૬૧.૫૧% આવ્યું છે.

જીલ્લાના બોડેલી શહેરની વિદ્યાર્થિની ખદીજા મો. તૈયબ ખત્રીએ ૯૭.૮૩% સાથે સમગ્ર જીલ્લામાં પ્રથમ ક્રમ મેળવી ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓના આકર્ષક પરિણામ વચ્ચે જીલ્લાનું કુલ પરિણામ ૮૨.૪૨% નોંધાયું છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી ઓછું ગણાય છે. મળતી માહિતી મુજબ, જીલ્લામાં કુલ ૧૦,૯૯૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૮,૯૭૬ વિદ્યાર્થીઓ સફળ થયા છે. જીલ્લામાં માત્ર એક શાળાનું પરિણામ શૂન્ય ટકા આવ્યું છે, જ્યારે ૩૦% કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૫ છે.

વિદ્યાર્થીઓના ગ્રેડ મુજબ જોવામાં આવે તો જીલ્લામાં કુલ ૯૧ વિદ્યાર્થીઓએ અ૧ ગ્રેડ મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. સાથે જ ૧૦૦% પરિણામ આપનાર શાળાઓની સંખ્યા ૨૧ હોવાનું નોંધાયું છે. આ વર્ષે કુલ પરિણામમાં થોડો ઘટાડો જોવા મળ્યો હોવા છતાં ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓનું ઉત્તમ પ્રદર્શન જીલ્લામાં શિક્ષણની ગુણવત્તામાં સુધારાની દિશામાં સકારાત્મક સંકેત આપી રહ્યું છે.

છોટાઉદેપુર જીલ્લાનું કેન્દ્રદીઠ પરિણામ બોડેલી કેન્દ્ર ૮૮.૧૨%, છોટાઉદેપુર કેન્દ્ર ૬૧.૫૧%, સંખેડા કેન્દ્ર ૮૬.૪૨%, પાવીજેતપુર કેન્દ્ર ૯૪.૩૪ %, નસવાડી કેન્દ્ર ૮૦.૮૩%, કવાંટ કેન્દ્ર ૭૫.૫૭%, ચલામલી કેન્દ્ર ૮૯.૫૮%, તેજગઢ કેન્દ્ર ૯૧.૩૦%, કાશીપુરા કેન્દ્ર ૮૦.૭૬%, ભાટપુર કેન્દ્ર ૭૭.૩%, ભીખાપુરા કેન્દ્ર ૮૫.૧૫%, ભેસાવહી ૯૧.૩૮%, ગઢબોરીયાદ કેન્દ્ર ૯૧.૬૭%, ઝોઝ કેન્દ્ર ૮૯.૪૪%, તણખલા કેન્દ્ર ૮૯.૩૦%, ભાટપુર કેન્દ્ર ૮૭.૫૩ %, શિથોલ કેન્દ્ર ૯૩.૪૬% ડીએફ પરાર, નિવૃત્ત આચાર્ય, નસવાડી

જીલ્લાના ૧૭ કેન્દ્રનું ગ્રેડ દીઠ પરિણામ સમગ્ર છોટાઉદેપુર જીલ્લાના ૧૭ જેટલાં કેન્દ્રનું કુલ પરિણામ ૮૨.૪૨% ટકા જેટલું નોંધાવા પામ્યું છે. જેમાં ગ્રેડ વાઇસ A1માં ૯૧, A2માં ૬૮૩, B1માં ૧૫૭૦, B2માં ૨૩૮૦, C1માં ૨૪૩૫, C2માં ૧૬૭૧ અને Dમાં ૧૯૮ ગ્રેડ મળ્યા હતા. જ્યારે ૧૭ જેટલાં કેન્દ્રમાં સૌથી વધુ પરિણામ પાવીજેતપુર કેન્દ્રનું ૯૪.૩૪% અને સૌથી ઓછું પરિણામ છોટાઉદેપુર કેન્દ્રનું ૬૧.૫૧ જેટલુ નોંધવામાં આવ્યું છે.

છોટાઉદેપુર જીલ્લાના ટોપ–૩ વિદ્યાર્થીઓ

– પ્રથમ ક્રમે ખદિજા મો.તૈલબ ખત્રી– ખત્રી વિદ્યાલય,બોડેલી(૯૭.૮ ૩%)

– દ્વિતીય ક્રમે જેમીત હરેશભાઇ દુધાત્રા– સફાયર પબ્લિક સ્કુલ, બોડેલી(૯૯.૬૭%)

– તૃતીય ક્રમે ખદીજા મો.હુસેન ખત્રી– ખત્રી વિદ્યાલય, બોડેલી(૯૭.૩૩%), તૃતીય ક્રમે રઈસાબાનુ મો.ઝમીલ ખત્રી– એચ.એચ.શિરોલાવાલા હાઈ.બોડેલી (૯૭.૩૩%), તૃતીય ક્રમે યક્ષકુમાર ગજાનંદ પંચોલી–વી.આર.શાહ સાર્વ.હાઇ. પાવીજેતપુર (૯૭.૩૩%).

# છોટાઉદેપુર સબ જેલમાં આરોગ્ય વિભાગે સર્વરોગ નિદાન કેમ્પમાં ૫૩ કેદીઓની તપાસ કરી



છોટા ઉદેપુર,

છોટાઉદેપુર સબ જેલ ખાતે જીલ્લા આરોગ્ય શાખા અને જીલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા જનરલ સ્ક્રીનિંગ અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બંદીવાનોના આરોગ્યની તપાસ કરવામાં આવી.

કેમ્પ દરમિયાન કુલ ૫૩ કેદીઓ તેમજ ઇન્ચાર્જ જેલ સુપ્રિટેન્ડેન્ટ ડી.કે. પરમાર સહિત જેલ સ્ટાફનું આરોગ્ય સ્ક્રીનિંગ કરાયું હતું. આ તપાસમાં ટીબી, એચઆઈવી, ડાયાબિટીસ, હિમોગ્લોબીન, બ્લડ પ્રેશર અને મલેરિયા સહિતની લોહીની જરૂરી તપાસો કરવામાં આવી હતી.

ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦ અંતર્ગત ૧૦૦ દિવસીય ઝુંબેશ હેઠળ ટીબી રોગના લક્ષણો ધરાવતા દર્દીઓની ગળફાની તપાસ અને હેન્ડ હેલ્ડ એક્સ–રે મશીન દ્વારા છાતીનો એક્સ–રે કરીને ટીબી રોગના નિદાન માટે જરૂરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ સર્વરોગ નિદાન અને જનરલ સ્ક્રીનિંગ કેમ્પમાં જીલ્લા ક્ષય અધિકારી ડો. બી.એમ. ચૌહાણ, જીલ્લા ક્ષય કેન્દ્રના કર્મચારીઓ, જનરલ હોસ્પિટલ છોટાઉદેપુરના મેડિકલ ઓફિસર અને શહેરી આરોગ્ય કેન્દ્ર છોટાઉદેપુરના આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તમામ બંદીવાન કેદીઓ અને અન્ય લાભાર્થીઓની આરોગ્ય તપાસણી કરી જરૂરી સારવાર પૂરી પાડી હતી.

# સંખેડાના બહાદરપુર નદી કિનારે નીલગીરીના ઝાડમાં આગ લાગતા ફાયર ફાઈટરોએ આગ પર કાબૂ મેળવ્યો



સંખેડા,

સંખેડા તાલુકાના બહાદરપુર ગામે આજે બપોરના સુમારે નદી કિનારે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ આગમાં ગ્રામ પંચાયતની નીલગીરીના અનેક ઝાડ બળીને ખાખ થઈ ગયા હતા, જેના કારણે વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

આગ લાગવાનું ચોક્કસ કારણ અગમ્ય છે. જોકે, આગ ઝડપથી પ્રસરી જતાં નીલગીરીના ઝાડને વ્યાપક નુકસાન થયું હતું. દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાતા લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગની જાણ થતાં જ સ્થાનિક લોકોએ બહાદરપુરના સરપંચ ભૌમિકભાઈ દેસાઈને જાણ કરી હતી. સરપંચે તાત્કાલિક બહાદરપુર અડખઈના ફાયર ફાઈટરને બોલાવ્યા હતા. ફાયર ફાઈટર પહોંચે તે પહેલાં જ ગ્રામજનોએ જીવના જોખમે આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

ફાયર ફાઈટરે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં નીલગીરીના મોટાભાગના ઝાડ બળીને ખાખ થઈ ચૂક્યા હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં પ્રમુખોની રચના કરવા માટે સરકાર દ્વારા તારીખો ન અપાતા મુંઝવણ વધી

નસવાડી,

છોટાઉદેપુર તાલુકા પંચાયતના ભાજપ અને આમ આદમી પાર્ટીના સદસ્યો તેમજ ક્દવાલ તાલુકા પંચાયતના ભાજપ અને આમ આદમી પાર્ટીના સદસ્યોને ફરવા માટે બંનેવ પાર્ટીએ બહાર મોક્લી દીધા છે. પરંતુ તારીખો ન આવતા બંનેવ પાર્ટીઓ મુંઝવણમાં મુકાઈ ગયા છે.૬ દિવસથી બંનેવ પાર્ટીઓ સદસ્યોને સાચવીને તેના ખર્ચા ઉપાડીને થાકી ગઈ છે. તારીખ ન આવતા હજુ કેટલા દિવસ લાગશે તે કોઈ નક્કી નથી. પરિવારથી આટલા દિવસ દુર ચુંટાયેલા સદસ્યોને રહેવાની નોબત આવતા મુશ્કેલીમાં મુકાયા છે.

છોટાઉદેપુર જિલ્લા પંચાયતમાં ચુંટાયેલા ૧૩ આમ આદમી પાર્ટીના સદસ્યોને ભાજપ ફોડી ન જાય તે માટે ફરવા માટે બહાર મોકલાયા છે. છોટાઉદેપુર તાલુકા પંચાયતમાં ૧૩/૧૩ સભ્યો ભાજપ અને આમ આદમી પાર્ટીના ચુંટાયેલા છે. ક્દવાલ તાલુકા પંચાયતમાં ૮/૮ આમ આદમી પાર્ટી અને ભાજપના સદસ્યો ચુંટાયેલા છે. જ્યારે છોટાઉદેપુર જિલ્લા પંચાયતના આમ આદમી પાર્ટીના સદસ્યો, છોટાઉદેપુર તાલુકા પંચાયતના આમ આદમી પાર્ટીના સદસ્યો, ક્દવાલ તાલુકા પંચાયતના આમ આદમી પાર્ટીના સદસ્યોને ફરવા માટે મોક્લ્યા છે. એ જ રીતેના ભાજપે પણ કદવાલ તાલુકા પંચાયતના સદસ્યો અને છોટાઉદેપુર તાલુકા પંચાયતના સદસ્યોને ફરવા માટે મોકલ્યા છે. આમ આદમી પાર્ટીના ૩૨ જેટલા સદસ્યો તાલુકા અને જિલ્લા પંચાયતના થાય છે. ભાજપના ૨૦ જેટલા સદસ્યોની સંખ્યા થાય છે. તાલુકા અને જિલ્લા પંચાયત પ્રમુખ બનાવવાની સરકાર દ્વારા તારીખ જાહેર ન થતાં ફરવા માટે લઈ જવાયેલા સદસ્યોનો પણ જીવ ઉંચો થઈ ગયો છે. એક તરફ લગ્નગાળાની સીઝન ચાલે છે. આદિવાસી સમાજમાં ચુંટણી જીત્યા બાદ સામાજિક પ્રસંગોમાં ફરજિયાત હાજરી આપવાની હોય છે. ત્યારે ચુંટણી પુરી થયા બાદ ચુંટાયેલા સદસ્યો લાપતા થઈ જતાં સમાજના પ્રતિભાને હાનિ પહોંચી છે.

# મહિસાગર જિલ્લામાં મનરેગામાં ૧૫ વર્ષથી ફરજ બજાવતા ૧૨૮ કર્મચારીઓ છેલ્લા ૬ મહિનાથી પગારથી વંચિત

વિરપુર,

મહિસાગરના મનરેગા યોજના હેઠળ છેલ્લા ૧૦ થી ૧૫ વર્ષથી નિષ્ઠાપુર્વ ફરજ બજાવતા કરાર બદ્ધ ૧૨૮ કર્મચારીઓને છેલ્લા છ મહિનાથી પગાર ચુકવવામાં ન આવતા તેઓની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. લાંબા સમયથી વેતન ન મળવાને કારણે કર્મચારીઓ અને તેમના પરિવારો ભુખમરાની સ્થિતિમાં ધકેલાયા છે. જેના વિરોધમાં કર્મચારીઓએ હવે ન્યાય માટે ફરી એકવાર કોર્ટના દ્વાર ખખડાવ્યા નિર્ણય લીધો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત હાઈકોર્ટે વર્ષ–૨૦૧૪ ના એક ચુકાદા દ્વારા આ કર્મચારીઓને નોકરીમાં ચાલુ રાખવા માટે રક્ષણ આપેલુ છે. આ ઉપરાંત સરકારના વર્ષ–૨૦૧૦ અને ૨૦૧૩ ના ઠરાવો મુજબ કર્મચારીઓને વાર્ષિક પગાર વધારો મળવાપાત્ર છે. જે પણ વર્ષોથી ચુકવ્યો નથી. આ મામલે હાઈકોર્ટમાં કેસ હાલ પડતર છે. રાજયપાલના હુકમથી રચાયેલી સરકારી સમિતિએ ૧૭ મી એપ્રિલ ૨૦૨૩ના રોજ પગાર વિસંગતતા અંગે પોતાનો રિપોર્ટ રજુ કર્યો હતો. પરંતુ તંત્ર દ્વારા આ રિપોર્ટનો અમલ કરવાનો ઈન્કાર કરાયો છે. ૨૯ મી માર્ચ ૨૦૨૫ના સરકારી પત્ર દ્વારા દર મહિનાની ૧ થી ૫ મી તારીખ સુધીમાં પગાર ચુકવવાનો આદેશ હોવા છતાં સમગ્ર ગુજરાતમાં તેનુ પાલન થતુ નથી. આ અંગે સુપ્રિમ કોર્ટે ભુપેન્દ્રનાથ હઝારિકા વિ.આસારામ રાજય કેસમાં અવલોકન કર્યુ હતુ કે, કર્મચારીઓની કાયદેસરની આશા દબાવવી ન જોઈએ. આ બાબતને ધ્યાને રાખીને કર્મચારીઓના વકીલ આશિષ આસ્થાવાદી દ્વારા ગ્રામ વિકાસ કમિશનરની કચેરીને લીગલ નોટિસ પણ પાઠવી છે. જો એક અઠવાડિયામાં બાકી રહેલો અને નિયમિત પગાર ચુકવવામાં નહિ આવે તો કર્મચારીઓ ના છુટકે હાઈકોર્ટમાં દાદ માંગશે. જેની તમામ જવાબદારી તંત્રની રહેશે તેવી ચિમકી આપી છે.

## આપની આજ.......

મેષ: આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઈચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે કાર્યથી સંતુષ્ટ થશો. ધંધામાં લાભની સ્થિતિ સારી રહેશે.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે નોકરી કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે. પરંતુ ખર્ચ આવકના પ્રમાણમાં વધુ રહેશે.

સિંહ: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઈચ્છિત સુખ અને ટેકો મળશે. સાંજથી રાત સુધી શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે. નાણાકીય લાભ થશે, પરંતુ લાભ કરતાં વધારે ખર્ચને કારણે ઉદાસ રહેશો.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે. વ્યવસાયમાં સાથીઓ સાથે સંકલનના અભાવે તમે અસ્વસ્થતા અનુભવો છો.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારી લોકો સાથે મિલાપ વધશે. વેપારીઓ અને ભાગીદારો તરફથી પણ વ્યવસાયમાં સારું વાતાવરણ રહેશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે. આ સિવાય કફના લીધે શારીરિક પીડા થવાની સંભાવના રહેશે. તેમ છતાં વ્યવસાયમાં નફો મળશે

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે. કોઈ જૂના મિત્ર સાથેની મુલાકાત આજે તમારા ચહેરા પર સ્મિત લાવશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા

અરજદારઃ– પટેલ ઉદેસિંહ ભુરાભાઇ,રહે.નાંદરવા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરુધ્ધ

સામાવાળાઃ– તલાટી કમ મંત્રીશ્રી, નાંદરવા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના ભત્રીજી નામે પટેલ કૈલાશબેન બાબુભાઈનું તા.૦૭/૦૩/૧૯૭૪ ના રોજ મોજે.નાંદરવા, તા. શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભત્રીજીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૪૧૫/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૬,માહેઃ– મે, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી

મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા

અરજદારઃ–સંભાલીવાલા મુસ્તાક અબ્દુલકૈયુમ,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરુધ્ધ

સામાવાળાઃ– જન્મ–મરણ સબરજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના ભાઇ નામે સંભાલીવાલા સલીમભાઇ અ.કૈયુમનું તા.૦૨/૦૮/૧૯૬૪ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભાઇના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૫૫/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૬,માહેઃ– મે, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી

મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા

અરજદારઃ– પટેલ દિનેશભાઈ ભાઈલાલભાઈ,રહે.પોયડા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરુધ્ધ

સામાવાળાઃ– તલાટી કમ મંત્રીશ્રી, પોયડા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના દાદી નામે પટેલ મણીબેન ખાતુભાઈનું તા.૨૩/૦૪/૧૯૯૯ ના રોજ મોજે.પોયડા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે દાદીના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૮૩૬/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૨૦, માહેઃ– માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી

મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા

અરજદારઃ–શેખ મહેમુદભાઈ ઈબ્રાહીમભાઇ,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરુધ્ધ

સામાવાળાઃ– જન્મ–મરણ સબરજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે શેખ મસંદરખાં મેમુદખાંનું તા.૦૧/૦૬/૧૯૭૫ તથા પુત્રી નામે શેખ સલમા મહેમુદનું તા.૧૪/૦૩/૧૯૮૫ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રી/પુત્રના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૫૦/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૫,માહેઃ– મે, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી

મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા

અરજદારઃ– પગી હિંમતસિંહ માનાભાઈ, રહે.ઝોઝ, તા.શહેરા,જી.પંચમહાલ,

વિરુધ્ધ

સામાવાળાઃ– જન્મ–મરણ સબ,રજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે પગી હર્ષદકુમાર હિંમતસિંહનું તા.૧૮/૦૬/૧૯૯૦ના રોજ મોજે.ઝોઝ, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૧૨૭/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૬,માહેઃ– મે, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી

મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

# ઈન્દોર-દાહોદ રેલ પ્રોજેક્ટને તેજી : કતવારા-દાહોદ સેક્શન ૮૮% પૂર્ણ, OHE અને સિગ્નલિંગ કામ યુદ્ધના ધોરણે ચાલુ કરાયું

## ૩૧ મે સુધી ડેડલાઈન, નવો રૂટ શરૂ થતા ૫૭ કિમી અંતર ઘટશે, મુસાફરોને મળશે મોટી રાહત.!






દાહોદ,

ઈન્દોર-દાહોદ રેલ પરિયોજનામાં હવે તબક્કાવાર કામ પૂર્ણ કરી દરેક સેક્શન શરૂ કરવા માટે રેલવે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને દાહોદ કતવારા વચ્ચેનો ૧૬ કિલોમીટરનું સેક્શનનું કામ ૮૮% પૂર્ણ થઈ ગયુ છે. હવે બાકીનું ઓવર હેડ ઈલેક્ટ્રીફિકેશન (OHE) તેમજ કવચ સિસ્ટમ સાથેની સિગ્નલિંગ પ્રણાલીનું ઈન્સ્ટોલેશનનું કાર્ય યુદ્ધના ધોરણે ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં રેલવે દ્વારા દાહોદ કતવારા વચ્ચે ઈલેક્ટ્રીક પોલ ઊભા કરી દેવામાં આવ્યા છે. ઓએચઈમાં સિગ્નલિંગનું કામ છેલ્લા બે મહિનાથી પૂર ઝડપે ચાલી રહ્યું છે. રેલવે તંત્ર દ્વારા આ કામ પૂર્ણ કરવા માટે ૩૧ મે સુધીની ડેડ લાઈન આપવામાં આવી છે. પરંતુ હાલ કામની ગતિ જોતા આ કામ પૂર્ણ કરવામાં એક મહિનાથી સમય વધુ લાગી શકે તેમ છે. આ સિવાય ઈન્દોર દાહોદ રેલ લાઈન દિલ્લી-મુંબઈ રેલમાર્ગ સાથે મજ થવાની છે. એ જંક્શન પર ટ્રેનોના સંચાલન માટે વધુ ઊપોઈન્ટ મુકવામાં આવશે. આ સિવાય ઈન્દોરથી દાહોદ વચ્ચે જે ટ્રેનોનું સંચાલન કરવામાં આવશે. તે ટ્રેનો પ્લેટફોર્મ નંબર-૪ પર લઈ જવાની યોજના પર કામ ચાલી રહ્યું છે. આ સિવાય ઈન્દોરથી આ રેલમાર્ગ થઈ દિલ્હી અને મુંબઈ તરફ જતી ટ્રેનોને પ્લેટફોર્મ નંબર એક પર લઈ જવાની યોજના પર કામ ચાલી રહ્યું છે. આ સિવાય મુંબઈથી જે ટ્રેનો ઈન્દોર તરફ જશે તે ટ્રેનો પ્લેટફોર્મ નંબર-૪ પર લઈ જવામાં આવશે. આ પ્રકારની વ્યવસ્થા ગોઠવવા માટે રેલવે તંત્ર કામ કરી રહ્યું છે. આ સાથે ઈન્દોર થી દાહોદ આવતા રેલવેમાર્ગ માટે એક વખતનું ટ્રેક પ્લેટફોર્મ નંબર એક સાથે જોડવામાં આવશે. આ કામ માટે હવેની આવતી એક ઓફિસ પણ ડીમોલિશ કરવામાં આવશે. જોકે નોંધનીય બાબત છે કે હાલ દાહોદ કતવારા સિવાય ધારથી પીથમપુર વચ્ચે કામ પૂર્ણ થતા સેકડો નિરીક્ષણ માટે ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. આ સેક્શનમાં ત્રણ કિલોમીટર લાંબી ટીડી ટનલમાં ૮૦૦ મીટર સુધી ટ્રેક પાથરવાનું તેમજ ઓવર હેડ ઈલેક્ટ્રીફિકેશન, તેમજ સિગ્નલ ઈન્સ્ટોલેશનનું કામ પણ સમાંતર રીતે ચાલી રહ્યું છે. ૨૦૪ કિલોમીટરના આ રેલમાર્ગમાં કતવારાથી ઝાબુઆ વચ્ચે મોટા ભાગના પુલો, અંડરપાસ, તેમજ અર્ધ વર્તુન કામ પૂર્ણ કરી ટ્રેક પાથરવાનું કામ ચાલી રહ્યું છે. સાથે જ ઝાબુઆથી ધાર વચ્ચે ૮૯ કિલોમીટરના સેકશનમાં ભૂમી અધિગ્રહણ પૂર્ણ થયા બાદ રેલવે દ્વારા ટેન્ડરિંગ પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી છે. ટૂંક સમયમાં અર્ધ વર્તુન કામ શરૂ થશે. નોંધનીય બાબત છે કે ૮૦૦ કરોડના ખર્ચે શરૂ થયેલી આ રેલ પ્રોજેક્ટની લાગત ત્રણ ગણા વધી ગઈ છે. હવે આ પ્રોજેક્ટને પીએમ ગતિ શક્તિ યોજનામાં સામેલ કરી ઝડપથી પૂર્ણ કરવા માટે પણ આ પૂરતું ફંડ અને રેલવે ના ઉચ્ચ અધિકારીઓની ઓબ્ઝર્વેશનમાં ઝડપથી પૂર્ણ કરવા માટે દિશા નિર્દેશો આપવામાં આવ્યા છે. જેના પગલે આ રેલ પ્રોજેક્ટ બે વર્ષમાં પૂર્ણ થઈને શરૂ કરવામાં આવશે તો ઈન્દોર તરફ જવા માટે વપરાનો એક રૂટ રેલ યાત્રીઓને મળશે સાથે જ ઈન્દોર ઈસનપુર તરફથી આવતી ગુડસ ટ્રેનો આ રૂટ નો ઉપયોગ કરશે જેથી રેલવેને પણ નફો થશે. સાથે જ અત્યારે વાયા રતલામ થઈને ઈન્દોર જતા લોકોનો સમય વધારે જાય છે આ રૂટ શરૂ થવાથી દાહોદ થી ઈન્દોર વચ્ચેનું અંતર ૫૭ કિમી ઓછું થશે.

# ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષામાં દાહોદ જીલ્લાનું ૭૭.૩૫ ટકા પરિણામ

## જીલ્લામાં ૦ ટકા પરિણામ વાળી-૫ શાળાઓ; ૧૦૦ ટકા પરિણામ વાળી ૩૬ શાળાઓ.

દાહોદ,

ગત માર્ચ માસનું લેવાયેલી ગુજરાત માદયમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થતાં દાહોદ જીલ્લાનું ૭૭.૩૫ ટકા પરિણામ આવ્યું છે. વર્ષ ૨૦૨૪ માં ૮૧.૬૭ ટકા આવ્યું હતું. તેમજ વર્ષ ૨૦૨૫ માં ૮૧.૨૮ ટકા આવ્યું હતું. આમ વર્ષે વર્ષે પરિણામ નીચું જતું જોવા મળી રહ્યું છે, જેના પરથી જીલ્લાનું શિક્ષણ વર્ષે વર્ષે કથળી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. જીલ્લામાં ધોરણ ૧૦માં સૌથી વધુ દેલસર કેન્દ્રનું ૯૭.૫૦ ટકા તેમજ સૌથી ઓછું ઝાલોદના મુનખોસલા કેન્દ્રનું ૩૩.૪૭ ટકા પરિણામ આવ્યું છે. જીલ્લામાં ૦% પરિણામ પાંચ શાળાઓનું આવ્યું છે. તથા ૩૬ જેટલી શાળાઓનું ૧૦૦ પરિણામ આવ્યું છે. જયારે ૧૦ જેટલી શાળાઓનું ૩૦ ટકાથી ઓછું પરિણામ આવ્યું છે. દાહોદ જીલ્લામાં ૧૦ ટકા પરિણામ વાળી ૬-શાળાઓ, ૧૧થી ૨૦ ટકા પરિણામ વાળી ૪-શાળાઓ, ૨૧ થી ૩૦ ટકા પરિણામ વાળી-૫ શાળાઓ, ૩૧ થી ૪૦ ટકા પરિણામ વાળી ૨૦-શાળાઓ, ૪૧ થી ૫૦ ટકા પરિણામ વાળી ૨૦-શાળાઓ, ૫૧ થી ૬૦ ટકા પરિણામ વાળી ૩૯-શાળાઓ, ૬૧ થી ૭૦% પરિણામ વાળી ૩૭-શાળાઓ, ૭૧ થી ૮૦% પરિણામ વાળી ૭૯-શાળાઓ, ૮૧ થી ૯૦ % પરિણામ વાળી ૮૮-શાળાઓ, ૯૯ ટકા પરિણામ વાળી ૭૯-શાળાઓ તથા ૧૦૦ ટકા પરિણામ વાળી ૩૬-શાળાઓનો સમાવેશ થાય છે.

# ગરબાડાની દીકરીએ શિક્ષણ જગતમાં ડંકો વગાડ્યો : ધોરણ-૧૦ માં ૯૩.૬૬% સાથે મેળવી ઝળહળતી સફળતા



ગરબાડા,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના એક અંતરિયાળ વિસ્તારની વિદ્યાર્થીનીએ પોતાની મહેનત અને લગનથી સમગ્ર જીલ્લાનું નામ રોશન કર્યું છે. સાર્વજનિક નવયુવક પ્રગતિ મંડળ સંચાલિત સ્વ. કે.એન.અમલીયાર માદયમિક હાઈસ્કૂલ (કામાવીરા)ની વિદ્યાર્થીની ચૌહાણ હેવ્યાંશી પંકજભાઈએ ધોરણ-૧૦ (SSC) બોર્ડની પરીક્ષામાં શાનદાર દેખાવ કર્યો છે હેવ્યાંશીએ આ પરીક્ષામાં ૯૮.૩૮ પર્સન્ટાઈલ રેન્ક અને ૯૩.૬૬% ગુણ મેળવીને સિદ્ધિ હાંસલ કરી છે. તેની આ સફળતાની વિશેષતા એ છે કે, તે અભલોડ કેન્દ્રમાં પ્રથમ ક્રમે આવી છે અને ગરબાડા તાલુકામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. મહીસાગર જીલ્લાના સંતરામપુરના મૂળ નિવાસી અને હાલ ગરબાડા પંથકમાં અભ્યાસ કરતી હેવ્યાંશીએ પોતાના પરિવારની સાથે સાથે શાળાનું પણ ગૌરવ વધાર્યું છે. આ સફળતા પાછળ શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય પલાસ નગરસિંગ જોખાભાઈ અને શાળાના શિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન તેમજ હેવ્યાંશીની રાત-દિવસની મહેનત જવાબદાર છે.

# ઝાલોદની સર્વોદય સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા : એક શિક્ષિકાના બંધ મકાનને નિશાન બનાવ્યું



ઝાલોદ,

ઝાલોદ નગરમાં સર્વોદય સોસાયટી સહિત ચાર ઠેકાણે તસ્કરોએ પોતાનો કરતબ અજમાવી ઝાલોદ પોલીસને ચેલેન્જ ફેંકી છે. આ ચાર ઠેકાણા પૈકી એક જગ્યાએથી માત્ર એક બાઈક ચોરાઈ હોવાનું તેમજ અન્ય બે ઠેકાણે સદનસીબે માત્ર તાળાં જ તૂટ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઝાલોદ તાલુકાની કાકરડુંગરા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા અને ઝાલોદની સર્વોદય સોસાયટીમાં રહેતા લીલાબેન નૈલેશકુમાર દીપસિંહ મુનિયા પોતાનો છોકરો તક્ષ અને છોકરી હિતીક્ષાબેનને વડોદરા ખાતે પરીક્ષા આપવા લઈને જવાનું હોય તેઓ સર્વોદય સોસાયટી ખાતેના પોતાના મકાનના દરવાજાને તાળું મારી લુણાવાડા ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતા અને લુણાવાડા ખાતે જ રહેતા પોતાના પતિ નૈલેશકુમાર મુનિયા પાસે ગયા હતા. તે દરમિયાન ગઈકાલે ઝાલોદ ખાતે રહેતા લીલાબેન મુનિયાના દિયર કલ્પેશભાઈ દીપસિંહ મુનિયાનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે, તમારા મકાનના આગળના દરવાજા નું તાળું તુટેલ હાલતમાં છે અને ઘરમાં ચોરી થયાનું જણાય છે. જેથી તેઓ ઘરમાં જઈને જોતા ઘરની અંદર સરસ સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. અને તિજોરી નું લોક તૂટેલું હતું અને તિજોરીમાં મૂકી રાખેલ સોના-ચાંદીના દાગીના જેવા કે રૂપિયા ૬૩,૪૮૪/-ની કિંકિમતની આશરે ૨૦૦ ગ્રામ વજનની ચાંદીની સાંકળી નંગ-૧, રૂપિયા ૨૫૦૦૦/-ની કુલ કિંમતના અલગ અલગ વજનના ચાંદીના સિક્કા નંગ-૯ રૂપિયા ૨૧૦૦૦/-ની રોકડ મળી કુલ રૂપિયા ૪,૪૨,૮૫૩/-ની મત્તા ચોરીને લઈ ગયા હતા.

## થાઈલેન્ડમાં ઝાલોદના વિદ્યાર્થીનો કમાલ

# આંતરરાષ્ટ્રીય શૂટિંગ રાઈફલ સ્પર્ધામાં સાહિર ઈરશાદ કાસમે જીત્યો સિલ્વર મેડલ, દાહોદ જીલ્લાનું નામ રોશન

ઝાલોદ,

ઝાલોદ નગરના કોળીવાડા વિસ્તારના રહેવાસી અને હાલમાં બોરસદ ખાતે અભ્યાસ કરતા ધોરણ-૯ના વિદ્યાર્થી સાહિર ઈરશાદ કાસમે આંતરરાષ્ટ્રીય કક્ષાની શૂટિંગ રાઈફલ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવી ઝાલોદ નગર તેમજ સમગ્ર દાહોદ જીલ્લાનું ગૌરવ વધાર્યું છે. સાહિરની આ સિદ્ધિને લઈ નગરજનોમાં આનંદ અને ગર્વની લાગણી વ્યાપી ગઈ છે.માહિતી મુજબ, જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન પંજી ખાતે યોજાયેલી શૂટિંગ સ્પર્ધામાં સાહિરે પોતાની સ્કૂલ તરફથી ભાગ લીધો હતો. તેમાં તેણે ઉત્તમ પ્રદર્શન કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સફળતા બાદ તેની આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી.

ગુજરાત રાજય માંથી માત્ર ૪ વિદ્યાર્થીઓ અને સમગ્ર ભારતમાંથી કુલ ૧૭ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. પસંદ કરાયેલી ટીમ તા. ૦૩ મે ૨૦૨૬ના રોજ થાઈલેન્ડ માટે રવાના થઈ હતી. ત્યારબાદ તા. ૦૫ મે ૨૦૨૬ના રોજ યોજાયેલી આંતરરાષ્ટ્રીય શૂટિંગ રાઈફલ સ્પર્ધામાં સાહિરે શાનદાર પ્રદર્શન કરી ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને ઈન્ટરનેશનલ સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. સાહિરની આ ઐતિહાસિક સિદ્ધિને પગલે ઝાલોદ નગરમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. પરિવારજનો, મિત્રો તથા નગરજનોએ સાહિરને અભિનંદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સાહિરે પોતાની મહેનત અને પ્રતિભાના બળે માત્ર પરિવારનું જ નહીં પરંતુ દાહોદ જીલ્લાના રમતગમત ક્ષેત્રનું પણ નામ દેશ-વિદેશમાં ગુંજતું કર્યું છે.

# ગાંધીનગરના અંબા ટાઉનશીપ - ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં દાહોદ કલેક્ટરએ પ્રેઝન્ટેશન આપ્યું

દાહોદ,

ગાંધીનગર સ્થિત અંબા ટાઉનશીપ - ત્રિમંદિર ખાતે આયોજીત મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં, ગુજરાતના વિવિધ જીલ્લાઓમાં થયેલી શ્રેષ્ઠ કામગીરી અને પડતર પ્રશ્નોના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સેમિનારમાં આદિવાસી વિસ્તારોના જમીન હકો અને મહેસૂલી કાયદાઓ માં સમયાનુકૂલ સુધારાની આવશ્યકતા અંગે દાહોદ કલેક્ટર યોગેશ નિરગુડેએ જણાવ્યું હતું કે, અમદાવાદથી ઉમરગામ સુધીના ૧૪ જીલ્લાઓમાં ફેલાયેલા ટ્રાયબલ બેલ્ટમાં જમીન સંબંધિત પ્રશ્નો અને ખાસ કરીને કલમ ૭૩- ની અમલવારી અંગે આજે મહત્વની ચર્ચા ચિંતન શિબિરમાં કરવામાં આવી હતી. હાલમાં આદિવાસી વ્યક્તિએ પોતાની જમીન અન્ય આદિવાસીને વેચવા માટે પણ પૂર્વ મંજૂરી લેવી પડે છે, જેમાં લાંબો સમય વીતી જતો હોય છે. જો આ સત્તાઓ સ્થાનિક કલેક્ટર સ્તરે જ વધુ સુદ્રઢ કરવામાં આવે, તો સમય મર્યાદામાં નિકાલ લાવી શકાય. આદિવાસી ખેડૂતો કે જેઓ બિલ્ડર અથવા લેન્ડ ડેવલપર બનવા માંગે છે, તેમને દરેક સબ-પ્લોટના વેચાણ માટે વારંવાર પરવાનગી લેવી પડે છે. આ પ્રક્રિયાના બદલે જો એકવાર બિન-ખેતી (૭૩) ની મંજૂરી મળે ત્યારે જ વેચાણની છૂટ આપવામાં આવે, તો વચેટિયાઓનો પ્રભાવ ઘટી શકે અને આદિવાસીઓનો આર્થિક વિકાસ ઝડપી બને. વધુમાં નિરગુડેએ ઉમેર્યું હતું કે, બદલાતા સમય અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આદિવાસી જમીન કાયદાઓનું દર ૧૦ વર્ષે નિષ્ણાત સમિતિ દ્વારા રિવ્યુ થવો જોઈએ, જેથી વહીવટી ગૂંચવણો દૂર કરી શકાય. જે જમીનોમાં શરતભંગ થયો હોય તેવી જમીનો લાંબા સમય સુધી પડતર રહે છે. આવી જમીનોને ૫ કે ૧૦ વર્ષની મર્યાદા બાદ સામાજીક કે સાર્વજનિક હેતુ માટે ઉપયોગમાં લેવાની જોગવાઈ કરવા પર નિરગુડેએ ભાર મૂક્યો હતો.

# ઝાલોદનું મુનખોસલા કેન્દ્ર રાજયમાં સૌથી ફલોપ : ધો. ૧૦માં સૌથી નીચું ૩૩.૪૭% પરિણામ, શિક્ષણ જગતમાં ખળભળાટ

## પેપર લીક કાંડ બાદ ૬ વર્ષે મંજૂરી મળી ને પ્રથમ વર્ષે જ પ્રદર્શન કંગાળ; પરીક્ષામાં કડકાઈ વધતા ચોરીના રસ્તા બંધ થતા પરિણામ તળિયે બેસી ગયું!

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાનું મુનખોસલા પરીક્ષા કેન્દ્ર ફરી એકવાર રાજયભરમાં નકારાત્મક કારણોસર ચર્ચાના ચગડોળે ચઢ્યું છે. વર્ષ ૨૦૨૬નું ધોરણ ૧૦નું બોર્ડનું પરિણામ જાહેર થતા જ મુનખોસલા કેન્દ્ર સમગ્ર ગુજરાત રાજયમાં સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર સાબિત થયું છે. આ કેન્દ્ર હેઠળ આવતી સાત જેટલી શાળાઓના વિદ્યાર્થીઓના નબળા પ્રદર્શને શિક્ષણ વિભાગની ઉંઘ ઉડાડી દીધી છે. સ્થાનિક સ્તરે થતી ચર્ચાઓ મુજબ, અગાઉ આ કેન્દ્ર પર જે રીતે ગેરરીતિઓ થતી હતી. તેના પર બોર્ડની કડક કાર્યવાહીને કારણે બ્રેક વાગી છે. પરીક્ષા સેન્ટર પર સીસીટીવી અને ચુસ્ત બંદોબસ્તને લીધે ચોરીના રસ્તા બંધ થતાં જ વિદ્યાર્થીઓનું અસલી રિઝલ્ટ સામે આવ્યું હોય તેમ જણાય છે. ગત વર્ષોમાં આ કેન્દ્ર વિવાદોનું કેન્દ્ર રહ્યું હોવાથી આ વખતે બોર્ડ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી હતી. મુનખોસલા કેન્દ્ર પર આ વર્ષે કુલ ૩૨૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૧૨૩ વિદ્યાર્થીઓ જ પાસ થવામાં સફળ રહ્યા છે, જયારે ૨૦૪ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા છે. આમ, કેન્દ્રનું સરેરાશ પરિણામ માત્ર ૩૩.૪૭% (જયારે શાળાનું વ્યક્તિગત ૩૭.૬૧%) નોંધાયું છે, જે સમગ્ર રાજયના સરેરાશ પરિણામ કરતા ઘણું નીચું છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૭-૧૮માં આ જ કેન્દ્ર પર અંગ્રેજીનું પેપર લીક થવાનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આચાર્ય સહિત કુલ ૭૬ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ ગંભીર ઘટના બાદ બોર્ડ દ્વારા આ કેન્દ્રને ૮ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું હતું. લાંબા સમયના પ્રતિબંધ બાદ ગયા વર્ષે જ કેન્દ્રને પુનઃ મંજૂરી મળી હતી, પરંતુ પ્રથમ વર્ષે જ આટલું કંગાળ પરિણામ આવતા વાલીઓમાં ભારે રોષ અને શિક્ષણ જગતમાં ચિંતા વ્યાપી ગઈ છે. કેન્દ્રમાં સમાવિષ્ટ ૭ શાળાઓની શિક્ષણ પદ્ધતિ સામે પણ હવે ગંભીર સવાલો ઉભા થયા છે.

# ઝાલોદમાં ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત સનાતન હિન્દુ સમાજ એકત્રિત

ઝાલોદ,

ઝાલોદ નગરમાં ગુરૂવારના રોજ ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત સનાતન હિન્દુ સંસ્કૃતિ સાથે સંકળાયેલા લોકો મોટી સંખ્યામાં ભરત ટાવર ખાતે એકત્રિત થયા હતા. ગૌમાતાના સન્માન, સુરક્ષા અને ગૌવંશના સંરક્ષણ માટે હિન્દુ સંગઠનો દ્વારા પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગૌ માતા કે માન મે, હિન્દુ સંગઠન મેદાન મે, ગૌ હત્યા બંધ કરો અને ગૌ માતાને રાષ્ટ્રમાતા જાહેર કરો જેવા ગગનભેદી સૂત્રોચ્ચારોથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.

સમગ્ર દેશમાં ચાલી રહેલા ગૌ સન્માન આહ્વાન અભિયાનના ભાગરૂપે ગુજરાતના ૨૬૮ તાલુકાઓમાં ૭ મેના રોજ આવેદનપત્ર કાર્યક્રમ યોજાયો હતો. તે અંતર્ગત ઝાલોદમાં પણ સનાતન હિન્દુ ધર્મ સાથે જોડાયેલા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગૌમાતા પ્રત્યેની પોતાની શ્રદ્ધા અને સંવેદના વ્યક્ત કરી હતી.

હિન્દુ સંગઠનો દ્વારા સરકાર સમક્ષ માંગ કરવામાં આવી હતી કે, દેશમાં ગૌહત્યા સંપૂર્ણપણે બંધ કરવામાં આવે તેમજ ગૌમાતાને રાષ્ટ્રમાતા, રાષ્ટ્રીય આરાધ્યા અને રાષ્ટ્ર ધરોહરનો દરજ્જો આપવામાં આવે. સાથે જ ગૌ સેવા અને ગૌ સંરક્ષણ માટે અલગ ગૌ મંત્રાલયની રચના કરવામાં આવે તથા ગાયોના નિભાવ માટે સ્પષ્ટ ચારા નીતિ ઘડવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. ગૌચરની જમીનનો ઉપયોગ માત્ર ગૌવંશના હિત માટે જ થવો જોઈએ તેવી માંગ પણ કરવામાં આવી હતી.આ અભિયાન માત્ર ધાર્મિક લાગણીઓ સાથે જોડાયેલું નથી પરંતુ સામાજીક, વૈજ્ઞાનિક, આર્થિક અને પર્યાવરણલક્ષી દ્રષ્ટિએ પણ ગૌમાતાના મહત્વને ઉજાગર કરવાનો પ્રયાસ હોવાનું આગેવાનો દ્વારા જણાવાયું હતું. ગૌ સંરક્ષણ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના મૂલ્યોને વધુ મજબૂત બનાવી શકાય છે તેવો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

આવેદનપત્ર આપ્યા બાદ આગેવાનોએ જણાવ્યું હતું કે જો આગામી ત્રણ મહિનામાં સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો વધુ મોટી સંખ્યામાં સહી અભિયાન ચલાવી કલેક્ટર, રાજ્યપાલ અને મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવામાં આવશે.

ગૌ સન્માન આહ્વાન અભિયાન દરમિયાન સમગ્ર વાતાવરણ ધાર્મિક ભાવના અને ગૌમાતા પ્રત્યેના સમર્પણથી ઓતપ્રોત બન્યું હતું અને સનાતન હિન્દુ સમાજ ગૌ સંરક્ષણ માટે એકજૂટ બન્યો હોવાનું દ્રશ્ય સર્જાયું હતું.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૧૨૪/૨૦૨૬, તા.૦૭/૦૫/૨૦૨૬
અરજદારઃ અરજદારઃ પણદા દિતાભાઈ રંગજીભાઈરહે. જાલત, તા.જિ દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,જાલત, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત. આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છેકે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પણદા દિતાભાઈ રંગજીભાઈના પુત્ર નામે પણદા પંકજભાઈ દિતાભાઈનો જન્મ તા.૨૩/૧૦/૧૯૯૯ના રોજ જાલત, તા.જિ.દાહોદામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,જાલત, તા.જિ.દાહોદના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારના તેમના પુત્રનો જન્મ દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ-મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત)માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, જાલત, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૬ માંહે : મે-૨૦૨૬ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
-સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૨૧૬/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદારઃ બારીયા સુરેશભાઈ કેસુભાઈરહે. બ્રહમખેડા, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, બ્રહમખેડા, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બારીયા સુરેશભાઈ કેસુભાઈના પુત્ર નામે બારીયા વિકાસભાઈ સુરેશભાઈ નો જન્મ તા.૦૧/૦૧/૨૦૨૦ ના રોજ બ્રહમખેડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, બ્રહમખેડા, તા.જિ.દાહોદ ના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, બ્રહમખેડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખ ૬. માંહે : મે-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
-સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૨૯૫/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદારઃ અજરાવાણીયા કનેશભાઈ વિછીયાભાઈ રહે. ઉંચવાણીયા, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ઉચવાણીયા, તા.જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી અજરાવાણીયા કનેશભાઈ વિછીયાભાઈના પુત્ર નામે અજરાવાણીયા જીગર કનેશભાઈનો જન્મ તા.૨૪/૦૯/૨૦૧૬ ના રોજ ઉચવાણીયા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઉચવાણીયા, તા.જિ.દાહોદ ના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, ઉચવાણીયા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૬ માંહે : મે-૨૦૨૬ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
-સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૧૩૬/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદાર- શ્રી ઘાંચી આરીફભાઈ મહંમદભાઈ, રહે.પીપેરો ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,પીપેરો , તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી ઘાંચી આરીફભાઈ મહંમદભાઈ તેમના પુત્ર નામે ઘાંચી સઈદભાઈ આરીફભાઈ ની જન્મ તા.૧૮/૦૨/૨૦૦૫ નારોજ મુ. પીપેરો , તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.પીપેરો , તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.218

# કાલોલના ધુસર ગામે ગોમા નદીમાં ગેરકાયદેસર રેતી ખનનને રોકવા પહોંચેલ ખાણ ખનિજ વિભાગની ટીમ ઉપર હિંસક હુમલામાં બે અધિકારીઓ ઈજાગ્રસ્ત

કાલોલ,

કાલોલ તાલુકાના ધુસર ગામ પાસેથી પસાર થતી ગોમા નદી માંથી ગેરકાયદેસર થતા રેતી ખનનની બાતમીના આધારે જીલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમ તપાસ કાર્યવાહી માટે પહોંચી હતી. ત્યારે ખનિજ માફિયાઓની ટોળકી દ્વારા અધિકારીઓ ઉપર હિંસક હુમલો કર્યો હતો. આ હુમલામાં બે અધિકારીઓ ઈજાગ્રસ્ત થયા છે.





કાલોલ તાલુકાના ધુસર ગામ પાસેથી પસાર થતી ગોમા નદી માંથી છેલ્લા લાંબા સમયથી ગેરકાયદેસર રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. તેની માહિતીના આધારે પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમ ધુસર ગામે ગોમા નદી અને તપાસ અને કાર્યવાહી માટે પહોંચી હતી. ત્યારે ગોમા નદી માંથીગેરકાયદેસર રેતી ખનન કરતા ખનિજ માફિયાઓની ટોળકી દ્વારા ખાણ ખનિજ વિભાગની ટીમ દ્વારા હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાઃ માઈન સુપરવાઈઝર કેયુરભાઈ સાંજેલીયા, રોયલ્ટી ઈન્સ્પેકટર કર્મરાજ જાડેજાને ઈજાઓ પહોંચી હતી. ખાણ ખનિજ વિભાગની ટીમ પર હુમલા બાદ ઘટના સ્થળે અફરા તફરી મચી જવા પામી હતી અને ઈજાગ્રસ્ત બન્ને અધિકારીઓને તાત્કાલીક સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ખાણ ખનિજ વિભાગ ટીમના ઈજાગ્રસ્ત માઈન સુપરવાઈઝર કેયુર સાંજલીયાના જણાવ્યા મુજબ ધુસર ગામે ગોમા નદીમાં તપાસ કરવા ગયા ત્યારે નદીમાં ૫ થી ૬ ટ્રેકટરો હતા. પરમીટ માંગતા તેઓ ભાગવા ફિરાકમાં હતા અને અચાનક પાવડા અને ધોકા વડે અમારી ઉપર હુમલો કર્યો હતો. ખાણ ખનિજ વિભાગની ટીમ ધુસર ગામે ગોમા નદીના બ્રીજ પાસે રેતી ખનન કરવામાં આવતું હોવાથી આકસ્મિક તપાસમાં ગયા હતા. ત્યારે ૫ થી ૭ ઈસમો દ્વારા ઉશ્કેરણી કરતાં ૧૦ થી ૧૫ ઈસમો દ્વારા પાવડા અને ધોકા અને પથ્થર વડે હુમલો કર્યો હતો. ગેરકાયદેસર રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓ બેફામ બનીને સરકારી કર્મીઓ ઉપર હુમલો કરતાં હોય જેને લઈ જીલ્લા વહિવટી તંત્રમાં ચિંતા જોવા મળી છે. ત્યારે કાલોલ તાલુકામાં માથાભારે ખનિજ માફિયાઓ ઉપર તંત્ર ગાળીયો ક્સે તે જરૂરી છે.

# પંચમહાલ S O Gની કાર્યવાહી : બોગસ ડિગ્રી ધરાવતા ડોકટર ઝડપાયા

ગોધરા,પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના વાંકડીયા ગામે ડિગ્રી વગર દવાખાનું ચલાવનાર અને એલોપેથીક દવાઓ સાથે મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ રાખી સારવાર કરનાર એક શખ્સને પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, પોલીસ મહાનિરીક્ષક અને જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચાલતા બોગસ ડોક્ટરો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તે દરમિયાન એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર જી.ડી. ગોહિલ અને ટીમને મળેલી બાતમીના આધારે હાલોલ તાલુકાના વાંકડીયા ગામે દરોડો પાડવામાં આવ્યો હતો.



દરોડા દરમિયાન પ્રતાપ સશાધર માંડલ (મૂળ વતન રામનગર, બક્સા, નોર્થ ચોવીસ પરગણા, પશ્ચિમ બંગાળ) નામનો વ્યક્તિ કોઈપણ જાતની માન્ય તબીબી ડિગ્રી વગર એલોપેથીક દવાઓ અને મેડિકલ સાધનો વડે દર્દીઓની સારવાર કરતો ઝડપાયો હતો.પોલીસે સ્થળ પરથી એલોપેથીક દવાઓ તેમજ મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ મળી કુલ રૂ. ૩૮,૬૭૫ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સમગ્ર મામલે પાવાગઢ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# શહેરાના બાહી ગામે બંધ મકાન માંથી રૂા.૫.૬૩ લાખના મત્તાની ચોરી કરી જતાં ચોર ઈસમો

## શહેરાના બાહી ગામે તસ્કરોનો તરખાટ : રસોડાની બારી તોડી ઘરમાં ઘૂસ્યા, સોના-ચાંદીના દાગીના, રોકડ અને બાઈક સહિત રૂા.૫.૬૩ લાખની ચોરી

શહેરા,

શહેરા તાલુકામાં તસ્કરોએ ફરી એકવાર માથું ઊંચક્યું છે. શહેરા પોલીસ મથકની હદમાં આવતા બાહી ગામે તસ્કરોએ એક રહેણાંક મકાન સહિત અન્ય મકાનોને નિશાન બનાવી લાખોની મતાની ચોરી કરી પલાયન થઈ જતાં પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તસ્કરોએ ઘરના રસોડાની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને તિજોરી ના ખાનામાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ તેમજ એક મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૫,૬૩,૭૦૦/- ની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

શહેરા તાલુકાના બાહી ગામના ખોડિયાર મંદિર ટેકરા ફળિયામાં રહેતા અને લુહારી કામ કરી ગુજરાન ચલાવતા રમેશભાઈ બીજલભાઈ લુહારના ઘરે રાત્રિના સમયે ચોરીની આ ઘટના બની હતી. તારીખ ૦૫/૦૫/૨૦૨૬ ના રોજ જ્યારે પરિવાર નિદ્રાધીન હતો, ત્યારે અજ્ઞાત તસ્કરોએ ઘરની પાછળના ભાગે આવેલા રસોડાની બારીની લોખંડની ગ્રીલ તોડી નાખી હતી. ગ્રીલ તોડીને અંદર પ્રવેશેલા ચોરોએ ઘરના રૂમમાં રાખેલી તિજોરી અને કબાટના તાળાં તોડ્યા હતા. તિજોરીમાં રાખવામાં આવેલા સોના-ચાંદીના કિંમતી દાગીના અને રોકડ રકમ પર હાથ સાફ કરી દીધો હતો. રમેશભાઈના જણાવ્યા અનુસાર, માત્ર તેમના ઘરેથી જ કુલ રૂપિયા ૫,૪૩,૭૦૦/- ની કિંમતના દાગીના અને રોકડની ચોરી કરી હતી.તસ્કરોનો આતંક માત્ર એક ઘર પૂરતો સીમિત રહ્યો ન હતો. મુખ્ય મકાનમાં ચોરી કર્યા બાદ તસ્કરોએ ગામના અન્ય રહીશોના મકાનોના દરવાજા પણ તોડ્યા હતા અને ત્યાંથી પણ ચોરીનો પ્રયાસ કર્યો હતો. વધુમાં, તસ્કરોએ એક સ્પલેન્ડર પ્રો મોટરસાયકલ નંબરઃ GJ-17-AF-0666, જેની કિંમત અંદાજે રૂા.૨૦,૦૦૦/- છે, તેની પણ ચોરી કરી હતી. કુલ મળીને આશરે રૂપિયા ૫,૬૩,૭૦૦/- ની ચોરી કરીને તસ્કરો પોલીસને ખુલ્લો પડકાર ફેંકી પલાયન થઈ ગયા હતા. આ બનેલા બનાવની જાણ પોલીસને થતા સ્થળ ઉપર પહોંચી જઈને તપાસ હાથધરી હતી.આ કોઈ સામાન્ય ચોરી નથી, આ એક સામાન્ય નાગરિકના પરસેવાની કમાણી પર તસ્કરોએ મારેલો જોરદાર ફટકો છે. ફરિયાદી રમેશભાઈ પોતે લુહારી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. એક મદયમવર્ગીય પરિવાર જ્યારે વર્ષોની બચત એક રાતમાં ગુમાવી દે છે, ત્યારે તેની જવાબદારી કોની? પોલીસ માત્ર એફ.આઈ.આર. નોંધીને સંતોષ માની લેશે કે પછી ખરેખર આ ટોળકીને પકડીને જનતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરશે?બાહી ગામની આ ઘટનાએ પંચમહાલ પોલીસ માટે લાલબત્તી સમાન છે. જો વહેલી તકે આ તસ્કરોને પકડવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ચોર ટોળકી વધુ બેફામ બનશે, તેવી ભીતિ સેવાઈ રહી છે. શહેરા પોલીસ હવે આ મામલે કેટલી ઝડપથી કામગીરી કરે છે, તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# ગોધરામાં ગૌ-તસ્કરીના વિરોધમાં ગૌરક્ષકો અને ભરવાડ સમાજ લાલઘૂમ : રેલી યોજી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું







ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત હાલોલમાં હિન્દૂ ધર્મપ્રેમીઓ અને ગૌભક્તો દ્વારા મામલતદારને આવેદનપત્ર સુપરત કરાયું હતું. આ અભિયાન દેશભરના ૫૦૦૦થી વધુ તાલુકાઓમાં એકસાથે યોજાયું હતું, જેમાં પંચમહાલના હાલોલનો પણ સમાવેશ થાય છે.



ઘોઘંબામાં ગૌ સન્માન અભિયાન હેઠળ આવેદનપત્ર,રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રાજ્યપાલ અને મુખ્યમંત્રીને રજૂઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમાં ગૌ-તસ્કરી અને ગેરકાયદેસર કતલખાનાઓના વધી રહેલા દૂષણને ડામવા માટે ગૌરક્ષકો અને ભરવાડ સમાજ દ્વારા કલેક્ટર કચેરી તેમજ મામલતદાર કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. ગૌધરા તરીકે ઓળખાતી આ પવિત્ર ભૂમિ પર ગાયોની હત્યા અને તસ્કરીની પ્રવૃત્તિઓ બંધ કરાવવાની માંગ સાથે મોટી સંખ્યામાં ગૌપ્રેમીઓએ એકત્રિત થઈ તંત્ર સમક્ષ પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો,આ પ્રસંગે પ્રાણીન ફાઉન્ડેશનના અગ્રણી કાર્યકર્તા પ્રગ્નેશ સોની તેમજ પરવડી પાંજરાપોળના ટ્રસ્ટી જયંતીભાઈ શેઠ સહિતના ગૌરક્ષકો મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ રજૂઆત કરી હતી કે શહેરમાં રાત્રિના સમયે ગૌ-વંશની હેરાફેરીના કિસ્સાઓ વધી રહ્યા છે, જેની સામે પોલીસ અને વહીવટી તંત્રે કડક હાથે કામ લેવું જોઈએ. ગૌરક્ષકોએ આક્ષેપ કર્યો હતો કે અનેક વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે કતલખાનાઓ ધમધમી રહ્યા છે, જે શહેરની શાંતિ અને ધાર્મિક લાગણી દુભાવી રહ્યા છે.બીજી તરફ, સમગ્ર ભરવાડ સમાજ દ્વારા પણ આ મુદ્દે એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના અગ્રણીઓ અને યુવાનો મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે તાલુકા સેવાસદન કચેરી ખાતે પહોંચ્યા હતા. રેલી દરમિયાન ગૌ-રક્ષાના સૂત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ભરવાડ સમાજના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, ગૌ-વંશ એ આપણા સંસ્કાર અને આસ્થાનું પ્રતીક છે. જો તંત્ર દ્વારા ટૂંક સમયમાં ગેરકાયદેસર કતલખાનાઓ બંધ કરાવવા અને તસ્કરી રોકવા માટે નક્કર પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી.

# ગોધરા વોર્ડ નં. ૫ ના અપક્ષ કાઉન્સિલર જીનલબેન સોનીએ ભાજપને સમર્થન આપ્યું



ગોધરા,

ગોધરા નગરપાલિકાના વોર્ડ નંબર ૫ ના અપક્ષ કાઉન્સિલર જીનલબેન સંજયકુમાર સોનીએ ભારતીય જનતા પાર્ટીને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. આ નિર્ણયથી ગોધરા શહેરના રાજકીય સમીકરણોમાં ફેરફાર જોવા મળ્યો છે.

જીનલબેન સોનીએ જણાવ્યું હતું કે, તેમણે આ નિર્ણય શહેરના સર્વાંગી વિકાસ અને લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે લીધો છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્ય સરકારની વિકાસલક્ષી નીતિઓથી પ્રભાવિત થયા છે.

અપક્ષ કાઉન્સિલરના આ સમર્થનથી ગોધરા નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું સંખ્યાબળ વધુ મજબૂત બન્યું છે. આનાથી આગામી દિવસોમાં વહીવટી કામગીરી પર સીધી અસર જોવા મળશે. જીનલબેન સોનીના આ નિર્ણયને ભાજપના સ્થાનિક આગેવાનો અને કાર્યકરોએ આવકાર્યો છે. તેઓ હવે ભાજપના કાર્યકર તરીકે વોર્ડ નંબર ૫ અને સમગ્ર શહેરના વિકાસ કાર્યોમાં સહભાગી બનશે.

# પાવગઢ રોપ-વે પર ગઉછ્જ્રઝદ્વારા મોકડ્રિલ : આપત્તિ સમયે ઝડપી પ્રતિસાદની તૈયારીઓ ચકાસાઈ

હાલોલ,

પંચમહાલના પાવાગઢ યાત્રાધામ ખાતે રોપ-વેની સુરક્ષા માટે એક મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ આપત્તિના સમયે વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન અને ઝડપી પ્રતિસાદ સુનિશ્ચિત કરવાનો હતો.



આ મોકડ્રિલમાં NDRF, પોલીસ વિભાગ, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ સર્વિસ અને ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) સહિતની ટીમોએ સક્રિય ભાગ લીધો હતો. બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા, જેથી કામગીરી વધુ વ્યાપક બની.

મોકડ્રિલ દરમિયાન રોપ-વેમાં આકસ્મિક પરિસ્થિતિ સર્જાય તો મુસાફરોને કેવી રીતે સુરક્ષિત રીતે બહાર કાઢવા તેનું જીવંત પ્રદર્શન કરાયું હતું.NDRFની ટીમે ઊંચાઈ પર ફસાયેલા મુસાફરોને ખાસ સાધનો વડે સલામત રીતે નીચે ઉતારવાની પ્રક્રિયા દર્શાવી.

ત્યારબાદ, ઘાયલ વ્યક્તિને ટ્રેચર દ્વારા તાત્કાલિક સારવાર માટે સ્થળાંતર કરવાની કામગીરી પણ સફળતાપૂર્વક રજૂ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં હાલોલ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સહિતના પ્રશાસનિક અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. તેમણે સમગ્ર મોકડ્રિલનું નિરીક્ષણ કરીને તંત્રની તૈયારીઓ પર સંતોષ વ્યક્ત કર્યો.

આવી મોકડ્રિલ આપત્તિના સમયે જીવ બચાવવા માટે જરૂરી સંકલન, સાધનોનો યોગ્ય ઉપયોગ અને સમયસર કામગીરીની ક્ષમતા વધારવામાં મદદરૂપ થાય છે. પાવાગઢ જેવા લોકપ્રિય યાત્રાધામ ખાતે મુસાફરોની સુરક્ષા માટે આ પ્રકારની તૈયારી અત્યંત મહત્વપૂર્ણ છે.

# મોરવા(હ)ના મેખર ગામે જેસીબી મશીનના ચાલકને આરોપીઓ ગાળો બોલતા અટકાવતા સરપંચ પતિ અને ફરિયાદી મારમારતાં આરોપી સામે ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના મેખર ગામે ગ્રામ પંચાયતના રસ્તાનું કામ કરવા માટે જોખમી મશીન આવેલ હોય અને જેસીબી ચાલક આખો દિવસ કામ કર્યા બાદ સરપંચના ઘર પાસે ખુલ્લી જગ્યામાં જેસીબી મુકેલ હતું. ત્યારે આરોપીઓ જેસીબીના ચાલકને ગાળો આપતા હોય જેથી ફરિયાદીનો છોકરાએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતા મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

મોરવા(હ) તાલુકાના મેરખ ગામે રહેતા ચંપાબેન મહેન્દ્રભાઈ ડામોરના છોકરાની પત્ની સરપંચ હોય અને ગ્રામ પંચાયતના રસ્તાના કામ માટે જેસીબી આવેલ હોય જે આખો દિવસ કામ કર્યા બાદ સરપંચના ઘર પાસે ખુલ્લી જગ્યામાં જેસીબી મુકેલ હતું. ત્યારે આરોપીઓ અજીત વાઘાભાઈ ડામોર, સુમિત્રાબેન અજીતભાઈ ડામોર, સંજયભાઈ નરવતભાઈ પગી, રાજેન્દ્રસિંહ ભારતસિંહ માલીવાડ ત્યાં આવ્યા હતા અને જેસીબીના ચાલકને ગાળો બોલતા હોય જેથી ફરિયાદીના છોકરા હિતેશભાઈ આવીને અજીતભાઈ ડામોરને ગાળો બોલવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયા હતા. હિતેશભાઈને ચંપાબેનને ગાળો આપી ગડદાપાટુનો માર મારવા લાગેલ હતા. તે વખતે સુમિત્રાબેન જે ચંપાબેનને મારમારવા લાગ્યાહતા. ત્યારે અન્ય આરોપીઓને આરોપીએ ખોટી ચઢમણી કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલ નજીક પાન્ડુ ખાતે હજરત સૈયદ દાદા સદન સરમસ્તના વાર્ષીક બે દિવસીય ઉર્ષની દબદબાભેર ઉજવણી

કાલોલ,

કાલોલ નજીક આવેલ પાંડુ મેવાસ ગામે સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક સદનશાહ પીર દાદા ની દરગાહ આવેલી છે જે પરંપરાગતરીતે દરવર્ષે ઈસ્લામી ઝિલ્કદ મહિનાની મુસ્લીમ ૧૭/૧૮ તારીખે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.આ બે દિવસીય ઉર્ષ નિમિત્તે પાન્ડુ મેવાસ અશરફી કમેટી દ્વારા તારીખ ૦૫/૦૫/૨૦૨૬ મંગળવારના રોજ ઉર્ષના પહેલા દિવસે ઝુલુસ સંદલ સાથે ભારે ભકિતમય વાતાવરણમાં પાન્ડુ ગામના વિવિધ રસ્તાઓ ઉપરથી પસાર થઈ દરગાહ ખાતે આવી પહોંચતા જ સંદલ-ચાદરની રસમ અદા કરી હતી અને તારીખ ૦૬/૦૫/૨૦૨૬ બુધવારના રોજ દરગાહ ખાતે પધારનાર સર્વે શ્રદ્ધાળુઓ માટે આમ ન્યાઝનું આયોજન કરાયું હતું. જ્યાં હઝરત સૈયદ દાદા સદર સરમસ્ત બાબાના



દરબારમાં બે દિવસીય ઉજવાયેલા દબદબાભેર ઉર્ષની ઉજવણી અંતર્ગત કાલોલ સહિત પંચમહાલ જીલ્લા તેમજ વડોદરાના સમગ્ર જીલ્લાના દૂર-દૂરથી પધારેલા હિન્દુ-મુસ્લીમ બિરાદરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.હઝરત સૈયદ દાદા સદર સરમસ્ત બાબાના દરબારમાં સંદલ શરીફની રસમ હઝરત સૈયદ સજરઅલીબાબા મક્કનશરીફ ઉત્તર પ્રદેશ તેમજ હઝરત સૈયદ કલંદર બાબા પાલી સેવાલીયાવાળા સાથે સુરત સ્થિત રિફાઈ ની મોટી ગાદીના ધર્મગુરૂ સૈયદ ગૌષુદ્દીન હઝરત રીફાઈ અને હઝરત સૈયદ વજીઉદ્દીન ઉર્ફે હુસેન રીફાઈના હસ્તે અદા કરવામાં આવી હતી.સાથે ભારે અકિદતપૂર્વક સલાતો સલામના નજુરાનાની સાથે ફૂલ ચાદર તેમજ ફાતેહા પેશ કરી સર્વે કલ્યાણ માટેની દુવા માંગવામાં આવી હતી જ્યાં બે દિવસીય ઉર્ષ ની ભક્તિભાવપૂર્વક ઉજવણી સંપન્ન થઇ હતી જ્યાં દાદા દરબારમાં કહેવાય છે કે અહીંયા રાખવામાં આવતી દરેક માનતા પૂર્ણતાના આરે પહોંચતી હોવાથી શ્રદ્ધાળુઓનો મેળો વાર-તહેવારે લાગેલો રહેતો હોય છે.